## (1) નીચેનામાંથી સાચાં જોડકાં પસંદ કરો.

(1) ખોલોંગ ચુ પ્રોજેક્ટ : નેપાળ

(2) મંગડેચુ પ્રોજેક્ટ : ભૂતાન

(3) રાહુઘાટ પ્રોજેક્ટ : બાંગ્લાદેશ

(4) સલમા ડેમ પ્રોજેક્ટ : અફઘાનિસ્તાન

(A) માત્ર (1), (2) અને (3) (B) માત્ર (2), (3) અને (4)

(C) માત્ર (2) અને (4) (D) માત્ર (1), (2) અને (4)

⇛ **જવાબ :- C**

**સમજૂતી :**

⇛ ભારત અને ભૂતાનના સંયુકત સાહસ 'ખોલોંગચુ હોઈડ્રોઈલેકટ્રીક પ્રોજેક્ટ' માટે એક કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. આ કરાર દ્વારા પ્રોજેકટનું બાંધકામ શરૂ થશે. આ પ્રોજથેકટ વર્ષ 2025 પૂરો થશે તેમ નિર્ધારિત કરવામાં આવ્યું છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ 720 MWના મંગડેચુ હાઈડ્રોઈલેક્ટ્રીક પ્રોજેકટનું ઉદ્ઘાટન ઓગસ્ટ 2019માં ભારત અને ભૂતાનના વડાપ્રધાન દ્વારા કરવામાં આવ્યું હતું. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ રાહુઘાટ હાઈડ્રોઈલેકટ્રીક પ્રોજેકટ નેપાળમાં આવેલો છે. આ પ્રોજેકટ માટેનો ઓર્ડર ભારતની જાહેર ક્ષેત્રની સંસ્થા BHELને મળેલો છે. (આથી, વિધાન (3) ખોટું છે.)

⇛ અફઘાનિસ્તાન–ભારત મૈત્રી ડેમ કે જેને અગાઉ સલમા ડેમ કહેવાતો તે સિંચાઈ તથા વિજળી માટેનો પ્રોજેક્ટ છે જે અફઘાનિસ્તાનના હેરાત પ્રદેશમાં આવેલો છે. (આથી, વિધાન (4) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (2) સૂકાં બરફ (dry ice) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) તે કાર્બન ડાયોકસાઈડનું ઘન સ્વરૂપ છે.

(2) તે ફ્રોઝન ફુડની સાચવણી માટે ઉપયોગી છે.

(3) તે બંધ વાસણ કે કન્ટેઈનરમાં રહેલાં અનાજ કે અનાજની પેદાશોમાં જીવજંતુની ક્રિયાઓને અટકાવે છે.

(4) ઔદ્યોગિક ઉપકરણોની સફાઈમાં તે વપરાય છે.

(A) માત્ર (1) અને (4)
(B) માત્ર (2) અને (4)
(C) માત્ર (3)
(D) આપેલ તમામ

⇛ જવાબ :- D

**સમજૂતી :**

⇛ સૂકો બરફ એ કાર્બન ડાયોકસાઈડનું ઘન સ્વરૂપ છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ તેનો પ્રાથમિક ઉપયોગ કુલિંગ એજન્ટ તરીકેનો છે.

⇛ તેનો ફાયદો એ છે કે તે સામાન્ય બરફ કરતાં પણ નીચું તાપમાન આપી શકે છે. આથી, ફ્રોઝન ફુડને જાળવવા માટે તે ઉપયોગી છે કારણ કે, આવી જગ્યાઓએ મિકેનીકલ કુલિંગ શકય હોતું નથી. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ તેનો ઉપયોગ અનાજમાં જીવજંતુઓની ક્રિયાઓને અટકાવવા માટે થઈ શકે છે. આ માટે અનાજ કે તેની કોઈ ચીજ વસ્તુ બંધ પાત્રમાં હોવી જોઈએ. તે ખોરાકની ગુણવત્તા પણ જાળવી રાખે છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ તેનો ઉપયોગ 'ફોગ મશિન' તરીકે પણ થઈ શકે છે.

⇛ તેના દ્વારા ઔદ્યોગિક ઉપકરણોની સફાઈ પણ થઈ શકે છે. તેનો સૌથી વધુ જાણીતો ઉપયોગ 'બ્લાસ્ટ કિલનીંગ' છે. (આથી, વિધાન (4) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (3) માડાગાસ્કર વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.

(1) તે વિશ્વનો બીજા ક્રમનો સૌથી મોટો ટાપું દેશ છે.
(2) માડાગાસ્કરમાંથી મકરવૃત્ત પસાર થાય છે.
(3) માડાગાસ્કર અને મોરેશિયસની વચ્ચેથી મોઝેમ્બીક ચેનલ પસાર થાય છે.
(4) કોલોની યુગ દરમિયાન અહીં ડચ લોકોનું પ્રભુત્ત્વ તથા શાસન હતું.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (3) અને (4)
(C) માત્ર (1), (3) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- A**

**સમજૂતી :**

⇛ માડાગાસ્કર પૂર્વ આફ્રિકાથી દૂર હિંદ મહાસાગરમાં આવેલો વિશ્વનો બીજા ક્રમનો સૌથી મોટો ટાપું દેશ છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ ગોંડવાના ભૂ–ભાગના વિભાજન સમયે ભારીતય ઉપખંડમાંથી માડાગાસ્કર છૂટો પડેલો હતો.

⇛ માડાગાસ્કરના પ્રાણીજીવન પૈકી 90% પ્રજાતિ પૃથ્વી પર અન્ય કોઈ પણ સ્થળે જોવા મળતી નથી.

⇛ મકરવૃત્ત માડાગાસ્કરમાંથી પસાર થાય છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ મોઝેમ્બીક ચેનલ માડાગાસ્કર તથા મોઝેમ્બીક દેશની વચ્ચેથી પસાર થાય છે. (આથી, વિધાન (3) ખોટું છે.)

⇛ કોલોની યુગ દરમિયાન અહીં ફ્રેંચ લોકોનું શાસન હતું. જેમાંથી આ ટાપુએ 1960માં આઝાદી મેળવી હતી. (આથી, વિધાન (4) ખોટું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (4) ICC PR વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.

(1) તેનું પૂરુંનામ Inter-regional Conference on Civil and Political Rights છે.
(2) ICCPR એ એક બહુસભ્ય સંધિ છે જેને સંયુકત રાષ્ટ્રની સામાન્ય સભા (UNGA) દ્વારા અપનાવવામાં આવેલી છે.
(3) આ સંધિ તેના સભ્યોને નાગરિક અને રાજકીય હકનું માન જાળવવા માટેની પ્રતિબદ્ધતા જાળવે છે.
(4) આ સંધિ વૈશ્વિક માનવ અધિકારીની ઘોષણ (UDHR)થી સ્વતંત્ર તથા ભિન્ન છે.

(A) માત્ર (1), (2) અને (3) (B) માત્ર (2) અને (3)
(C) માત્ર (3) અને (4) (D) માત્ર (2) અને (4)

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ ICCPRનું પૂરુંનામ International Covenant on Civil and Political Rights છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ તે એક બહુસભ્ય સંધિ છે. તથા તેને સંયુકત રાષ્ટ્રની સામાન્ય સભા દ્વારા અપનાવવામાં આવેલ છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ આ સંધિ તેના સભ્યોને વિવિધ નાગરિક અને રાજકીય હક્કોનું માન જાળવવા માટે પ્રતિબદ્ધ છે. આ હક્કોમાં જીવનનો અધિકાર, ધર્મનો અધિકાર, વાણીનો અધિકાર, ભેગા થવાનો અધિકાર, ચૂંટણીના અધિકાર તથા ન્યાયિક સુનાવણીના અધિકારનો સમાવેશ થાય છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ ICC PR નીચેના સંમેલન/અભિયાન/ઘોષણાનો ભાગ છે.

- ઈન્ટરનેશનલ બિલ ઓફ હ્યુમન રાઈટ્સ
- International Covenant on Economic, Social and Cuttural Rights
- યુનિવર્સલ ડીકલેરેશન ઓફ હ્યુમન રાઈટ્સ (UDHR)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(5) નાગરહોલ રાષ્ટ્રીય ઉદ્યાન વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?**

(1) તેને રાજીવ ગાંધી નેશનલ પાર્ક તરીકે પણ ઓળખવામાં આવે છે.

(2) આ ઉદ્યાન રાયલસીમાં બાયોસ્ફીયર રિઝર્વનો ભાગ છે.

(3) આ ઉદ્યાન આંધ્રપ્રદેશમાં આવેલું છે.

(4) અહીં, મુખ્યત્વે ભેજવાળા ખરાઉ જંગલો જોવા મળે છે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- C**

**સમજૂતી :**

⇛ નાગરહોલ રાષ્ટ્રીય ઉદ્યાનને 'રાજીવ ગાંધી નેશનલ પાર્ક' તરીકે પણ ઓળખવામાં આવે છે. (આથી, વિધાન **(1)** સાચું છે.)

⇛ તેને **1955**માં વન્યજીવ અભ્યારણ્ય જાહેર કરવામાં આવ્યું હતું. ત્યારબાદ **1988**માં તેને રાષ્ટ્રીય ઉદ્યાનનો દરજ્જો આપવામાં આવ્યો હતો.

⇛ આ ઉદ્યાન પશ્ચિમ ઘાટ વિસ્તારમાં આવેલું છે તથા તે નિલગીરી બાયોસ્ફીયર રિઝર્વનો ભાગ છે. (આથી, વિધાન **(2)** ખોટું છે.)

⇛ આ રાષ્ટ્રીય ઉદ્યાન કર્ણાટકમાં આવેલું છે. (આથી, વિધાન **(3)** ખોટું છે.)

⇛ નાગરહોલ નદી આ ઉદ્યાનમાંથી પસાર થાય છે.

⇛ અહીં, મુખ્યત્વે ભેજવાળા ખરાઉ જંગલો જોવા મળે છે. જેમાં ટીક અને રોઝવુડના વૃક્ષો મુખ્ય છે. (આથી, વિધાન **(4)** સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા**
Social Media Icon **પર** Click **કરો.**

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT